જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૧૧/૨૦૧૮ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૩૪૨ લીટર દેશી દારૂ, ૧ રિક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૧૩૭/૧૮**

**વસ્ત્રાપુરઃ** છત્રપાલ રાવતભાઇ વાળા (રહે. ઉગતી પ્લેટીનમ સાગર સંગીત-૨ ની બાજુમા સોલા ગામ) એ તા.૩૧/૧૦/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૭/૦૧/૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ધર્મનંદન કટ્રકશનના માલીક નીર્સગ પટેલ (રહે આકૃતિ હાઇટસ મહારાજા ફાર્મની સામે મોટા વરાછા સુરત) એ તા.૧૭/૦૧/૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ડ્રાઇવ ઇન સીનેમાની સામે યોગી કોમ્પલેક્ષ ખાતે આવેલ છત્રપાલની આકાશ સીરામીક પ્રા.લી. ની ઓફીસ ખાતે થી સીરામીક ટાઇલ્સનો માલ કુલ કિંમત રૂપિયા ૧૦,૨૮,૪૫૭/- મતાનો ખરીદ કરી, તે પેટે રૂપિયા ૨,૭૭,૮૧૮/- ચુકવી આપી બાકીના રૂપિયા ૭,૫૦,૬૩૯/- નહી ચુકવી છત્રપાલ તથા તેમની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.ભરવાડ ચલાવે છે.

**ગોમતીપુરઃ** મોહમદઐયુબ મોહમહનીફ અંસારી (રહે.કલંદરી મસ્જીદની બાજુમા રખીયાલ) એ તા.૩૧/૧૦/૧૮ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૭/૧૮ રાતના ૯/00 થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન ગોમતીપુર યુનીયન બેંક ઓફ ઇન્ડિયા બ્રાંચ ખાતેથી અજાણી વ્યક્તિએ મોહમદઐયુબ અંસારીના ખાતામાંથી રોક્ડ રૂપિયા ૪૪,000/- તથા વિજય સેલ્સ નવરંગપુરા ખાતેથી એક સેમસંગ એસ-૯ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૨,૯૦૦/- તથા હાર્ડ ડિસ્ક કિમત રૂપિયા ૬,૦૯૯/- ખરીદી કરી કુલ રૂપિયા ૧,૦૨,૯૯૯/- નુ ટ્રાંઝેક્શન કરી લીધુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૩૮/૧૮</u>**

**"એ" ડીવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ** જીજ્ઞેશભાઈ કનુભાઈ પટેલ (ઉ.વ.૩૪) (રહે.પાર્થ એવન્યુ નાલંદા સ્કૂલ પાસે ઘાટલોડીયા) તા.૩૧/૧૦/૧૮ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઈવે ભાગવત વિદ્યાપીઠ ગોતા બ્રીજ ઉપરથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર નંબર જીજે ૦૧ કેપી ૪૫૬૭ ના ચાલક દીપ જયેશભાઈ પટેલ (સેક્ટર -૧ સી/પ્લોટ ચ રોડ ગાંધીનગર) એ કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા જીજ્ઞેશભાઈને ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જીજ્ઞેશભાઈનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મુકેશ દેવરામભાઈ બલઈ (રહે.કૃષ્ણનગર વિભાગ-૧ સર્વોદય સોસાયટી પાસે ઘાટલોડીયા) એ "એ" ડીવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.યાદવ ચલાવે છે.

**<u>બીજા માળેથી પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૩૯/૧૮</u>**

**સાબરમતીઃ** સાબરમતી ઝુંડાલ રોડ અડાલજ અંડરપાસ પાસે આંનદનગર નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા રૂમાલભાઇ મોહનભાઇ બજાણીયા (ઉ.વ.૩૫)(મુળ વતન.બોઘવાડા તા.ભાનપુર જી.દાહોદ) તા.૨૭/૧૦/૧૮ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે સાઈટના બીજા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૧૦/૧૮ કલાક ૧૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રસિકભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.